R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 20•ISSUE: 19 DATE: 07-05-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## મોદી સરકાર પર આકરા પ્રહારો કરતાં શિવસેનાએ સરકારને કાચિંડા દ્વારા બદલાતા રંગ સાથે સરખામણી કરી

કેન્દ્રની મોદી સરકાર કાચિંડા કરતાં પણ ઝડપથી રંગ બદલતી હોવાનો આક્ષેપ શિવસેનાએ કર્યો હતો.કોઈપણ દેશના પ્રતિનિધિઓ સાથે કાશ્મીરી નેતાઓને મળવા પર કોઈ પ્રતિબંધ નથી તેવું કહેવા બદલ મોદી સરકાર પર આકરા પ્રહારો કરતાં સાથી પક્ષ શિવસેનાએ ભાજપ સરકાર પાકિસ્તાન સાથે વાત કરવા માટે અલગતાવાદીઓને કન્સેસન આપી રહી છે અને તે કાચિંડા કરતાં પણ વધુ ઝડપથી રંગ બદલી રહી છે.

હુરિયત અંગેની વિચારધારામાં કેન્દ્રે જે પલટી મારી છે તે અયોધ્યામાં રામ મંદિરને બાબરી મસ્જીદ કહેવા જેવી છે તેમ શિવસેનાના પ્રમુખકે તેમના મુખપત્ર સામનામાં જણાવ્યુ છે.હુરિયત કોન્ફરન્સ હવે કાશ્મીર મુદ્દો પાકિસ્તાન સાથે ચર્ચવા જઈ રહ્યુ છે અને કેન્દ્ર સરકાર તેને આ રાહત આપી છે.કાશ્મીર અંગેની વાટાઘાટો મસુદ અઝહર, દાઉદ ઈબ્રાહિમ અને ઝકીઉર રહેમાન લખવી સાથે કરવામાં આવશે.

અત્યંત આકરા શબ્દોમાં શિવસેનાએ કહ્યુ હતું કે રંગો કાચિડા કરતાં પણ ઝડપથી બદલાઈ રહ્યા છે.લોકોને આશ્ચર્ય છે કે મોદી સરકાર કેવી રીતે આ મેનેજ કરે છે. જો કોગ્રેસે હુરિયત અને કાશ્મીરના મુદ્દાઓ પર આવી પલટી મરી હોત તો ભાજપ અને સંઘ પરિવારે તેને પાકિસ્તાનના એજન્ટો ગણાવી દીધા હોત. ત્યારે તેઓ કોગ્રેસને બોલ્યા હોત કે તે દેશને વેચી રહી છે અને આવી માંગણી પણ થઈ હોત કે આવા ગદ્દારોને સત્તામાંથી હાંકી કાઢવા જોઈએ. સામનામાં લખાયું છે કે ગઈકાલ સુધી મોદી સરકાર કહેતી હતી કે તેઓ પાકિસ્તાન સાથે કાશ્મીર સિવાય તમામ મુદ્દા પર વાત કરશે.હવે એ વલણ બદલાયું છે અને તે નબળું પડ્યું છે. આવું નબળું વલણ તો અગાઉની કોગ્રેસ સરકારે પણ લીધું ન હતું.

## કેન્દ્ર સરકારની વિરુધ્ધ ઉત્તરાખંડમાં થી રાષ્ટ્રપતિ શાસન હટાવવાનો ચુકાદો આપનાર ચીફ જસ્ટીસ કે.એમ.જોસેફની બદલી કરી દેવાઇ

ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન સામે સવાલો કરી તેને સમાપ્ત કરનાર નૈનીતાલ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ કે.એમ.જોસેફની વિવાદાસ્પદ સંજોગોમાં બદલી કરી દેવાઈ છે.જસ્ટીસ જોસેફને આંધ્રપ્રદેશ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ તરીકે ખસેડાયા છે.જસ્ટીસ જોસેફની અધ્યક્ષતામં બનેલી ખંડપીઠે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનને ગેરકાયદે ગણાવીને રદબાતલ કર્યુ હતું.

કોગ્રેસના હરિશ રાવતની સરકારને આ સાથે એક દિવસનું જીવતદાન મળ્યુ હતું. જો કે તે પછી આ મામલો સુપ્રીમ કોર્ટમાં જતાં ફરીથી રાષ્ટ્પતિ શાસન આવી ગયું હતું. હાલમાં આ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે.ત્યારે જ તેમની બદલી કરી દેવાઈ છે. આરએસએસના મુખપત્ર પાંચજન્યમાં જસ્ટીસ જોસેફના ચુકાદાની ટીકા કરવામાં આવી હતી.તેમને કોગ્રેસના ગણાવીને તેમની સામે સવાલો કરાયા હતા. જો કે જસ્ટીસ જોસેફે કુદરતી ન્યાયના સિધ્ધાંતને આધારે બંને પક્ષોની ભારે ટીકા કરી હતી.કોર્ટે રાષ્ટ્પતિ શાસનને રદ કરીને ૨૯મી એપ્રિલે ફલોર ટેસ્ટ માટે આદેશ આપ્યો હતો. જો કે સુપ્રીમ કોર્ટે તેના પર સ્ટે મુક્યો હતો.સરકારોની રાજનીતિને કારણે લેવાતા નિર્ણયો સામે કોર્ટ તરફથી કડક વલણ લેવાય તો સત્તાધારીઓને તે ખુંચતું હોય,પરંતુ તેનો સ્વીકાર કરવો અને ખોટા નિર્ણયોને સુધારી લેવા જોઈએ.પરંતુ હાલની સરકારને તે મંજુર નથી તેવું આ બદલી પરથી લાગી રહ્યું છે.

## ઓગષ્ટા હેલીકોપ્ટર ડીલમાં રાજનેતાઓએ લાંચ લીધાની કોઇ સાબિતી નથી તેવા ઇટાલી મિલાન કોર્ટના જજના ઘડાકાએ સરકારી આક્ષેપો પર ઠંડુ પાણી રેડ્યું

છેલ્લા કેટલાક દિવસોથી રાજયસભામાં અને ચારે બાજુ કોગ્રેસના નેતાઓએ ઓગસ્ટા ડીલના ભ્રષ્ટાચારના મામલામાં સંડોવાયેલા છે તેવા ભરપુર આક્ષેપો ભારતીય જનતા પાર્ટીના નેતાઓ અને રાજ્યસભામાં નવા આવેલા સભ્ય સુબ્રમણ્ય સ્વામીએ કર્યા હતા.આવા આક્ષેપો કરીને કોગ્રેસનું ચીરહરણ કરવાના પ્રયાસો પર મિલાન કોર્ટના જજે ધડાકો કર્યો હતો અને આ સોદો આંચકી લેવા માટે અપાયેલી કથિત લાંચ સાથે ભારતીય રાજકારણીને સાંકળતો કોઈ સીધો પુરાવો નથી તેવું કહેતાની સાથે કોગ્રેસે હાશકારો અનુભવ્યો હતો. દેશભરમાં શાસક અને વિરોધ પક્ષો વચ્ચે સંસદમાં ભારે ધમસાણ ચાલી રહ્યુ હતું.આમ આ વિવાદાસ્પદ ઓગસ્ટા ડીલમાં ચુકાદો આપનાર ઈટાલીના જજે ભારતીય રાજકારણીને સાંકળતો કોઈ સીધો પુરાવો નથી તેમ જાહેર કરતાં શાસક પક્ષની ગરમીમાં ઘટાડો નોધાયો હતો.

આ ડીલમાં કોગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને અગાઊની યુપીએ સરકારને આડકતરી રીતે નિશાન બનાવતાં કેન્દ્રીય સંરક્ષણ મંત્રી મનોહર પારિકરે રાજ્યસભામાં કહ્યુ હતું કે હાલની તપાસ ઈટાલીની કોર્ટના ચુકાદમાં સામેલ નામો પર આધારિત રહેશે.તેમણે કહ્યુ હતું કે આ કેસમાં યોગ્ય તપાસ ન થાય તે માટે અગાઉ એક અદશ્ય હાથની ભુમિકા હતી. હેલીકોપ્ટર કંપનીના સિનિયર અધિકારીઓ અને ઈટાલીના મધ્યસ્થીઓ સામેનો ચુકાદો આપનાર જજ માર્કો મારિયા માઈગાએ ટીવી ચેનલોને કહ્યુ હતું કે રાજકીય વ્યક્તિની સંડોવણીની સંભાવના કે શક્યતા હોઈ શકે,પરંતુ એ સંદર્ભમાં કોઈ સીધા પુરાવા નથી.

ઈટાલીના વચેટીયાઓએ ભારતીય રાજકારણીઓને લાંચ ઓફર થઈ હતી તે વિશે તેઓ શું માને છે તો મિલાન કોર્ટના જજે આ નિવેદન કર્યુ હતું. તેમણે સ્પષ્ટ કર્યુ હતું કે આ ચુકાદો માત્ર હેલીકોપ્ટર કંપનીના વરિષ્ઠ અધિકારીઓ અને ભારતમાં કેટલાક અધિકારીઓને લાંચ આપનાર મધ્યસ્થીઓ સામેનો હતો.હવે આ નાણાંની ચુકવણી ક્યાં થઈ તે શોધવાનું કામ ભારતીય તપાસકર્તાઓનું છે. તેમણે ઉમેર્યુ હતું કે ઈટાલીના કોર્ટોમાં ચુકાદામાં ભારતીય વ્યક્તિઓને ઓળખવાનું ન હોય. હા,અમારે એ સ્પષ્ટ કરી દેવું જોઈએ કે અમારા ચુકાદાનું તાત્પર્ય માત્ર ઈટાલીના બે વેપારીઓ અને તેમની સંડોવણી સુધી જ સીમીત છે.તેમણે કહ્યુ હતું કે તેમનો આદેશ એવા દસ્તાવેજો પર આધારિત છે કે જે કદાચ દર્શાવે છે કે ભારતીય વાયુદળના પુર્વ વડા એસ.પી.ત્યાગીએ એપ્રિલ ૨૦૧૨ સુધી નાણાં મેળવ્યા હતા. આ લાંચ ઓગષ્ટા હેલીકોપ્ટર્સ ભારતમાં લાવવામાં સ્ત્રોત્રરૂપ બનેલા અન્યો સુધી પહોચી ગયેલી હોવી જોઈએ. પરંતુ અમારી પાસે પુરાવા નથી.

ભારત સરકાર તરફથી આ કેસમાં કેવો સહકાર મળ્યો હતો તેવા સવાલના જવાબમાં તેમણે કહ્યુ હતું કે અમારી પાસે ક્રેગની કોપી, દરખાસ્તનો અનુરોધ, સમજુતીની નકલ, અને તેનાથી વિશેષ કંઈ હતું જ નહી.અમને જે મોકલવામાં આવ્યુ તેની જ નોધ લઈ શકીએ છીએ. તેમણે અગાઉ કહ્યુહતું કે ભારતીય પક્ષ તરફથી આ કેસમાં ખુલાસા મામલે રસ ઓછો દર્શાવવામાં આવ્યો હતો.ચુકાદામાં પ્રોસિક્યુટરે હસ્તાક્ષર વગરની નોધોનો ઉલ્લેખ કરાયો હતો કે જેમાં એ.પી જેવા કેટલાક નામોનો ઉલ્લેખ કરાયો હતો. જજે કહ્યુ હદતું કે એક આરોપીએ કહયુ હતું કે તેને યાદ નથી જ્યારે બીજા આરોપીનો આક્ષેપ હતો કે એ નામ અહેમદ પટેલ છે.

જો કે આ વિવાદમાં અહેમદ પટેલે તેમનુ નામ ઢસડવામાં આવતાં રોષ પ્રગટ કરતાં કહ્યુ હતું કે તેમની સામેના કોઈપણ આરોપ સાબિત થશે તો તેઓ પોતે રાજ્યસભામાંથી સભ્યપદ અને જાહેર જીવન છોડી દેશે.તેમણે આ સોદામાં વિસ્તૃત તપાસની માંગણી કરી હતી.તેમણે કહ્યુ હતું કે તેમની પાર્ટી અને તેના નેતાઓની છબી ખરડવા માટે એક પ્રકારનો દુષ્પ્રચાર ચાલી રહ્યો છે.હું ફરી એક વાર કહું છુ કે જો આ આક્ષેપોમાંથી કંઈ પણ મારી સામે મેળવશો તો હું આ ગૃહ અને જાહેર જીવન છોડી દઈશ.કેટલાક લોકો ખોટી હકીકતો અને પાયાવિહોણા આક્ષેપો દ્વારા લોકોની છબી ખરડી રહ્યા છે.હું જાહેર જીવનમાં છું પરંતુ ક્યારેય મર્યાદા વટાવી નથી. આ મારી પહેલી અગ્નિ પરિક્ષા નથી.

સંસદીય બાબતોના મંત્રી વૈકૈયા નાયડુએ તપાસમાં સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળની તપાસની વિપક્ષની માંગણી નકારી કાઢી હતી જેનો વિરોધ કરીને કોગ્રેસે રાજ્યસભામાંથી વોકઆઉટ કરી ગઈ હતી.વિવાદ અંગે રાજ્યસભામાં ચર્ચાનો જવાબ આપતાં પારિકરે ઉમેર્યુ હતું કે ત્યારની સરકાર આ હેલીકોપ્ટર ખરીદવા માટે સતત દબાણ કર્યુ હતું.આ વિવાદ પર કોગ્રેસી નેતા અભિષેક સિંઘવીએ તેમની અગાઊની સરકાર સામે સત્તારુઢ સરકારે ખોટું કર્યાના લગાવેલા આક્ષેપોનો મુદ્દાસર જવાબ આપ્યો હતો.

જો કે આ કેસમાં જેણે દલાલી ખાધી છે તે બ્રિટીશર ક્રિશ્ચિયન માઈલે એવો આરોપ મુક્યો છે કે ગાંધી પરિવારને ફસાવવા માટે તેની પર દબાણ થઈ રહ્યું છે.ઈન્ટરનેશનલ ટ્રીબ્યુનલને તેણે આ અંગે પત્ર લખ્યો છે અને તેમાં આરોપ મુક્યો છે કે તેની પર ભારતીય તપાસ એજન્સીઓ દ્વારા એવું દબાણ કરવામાં આવી રહ્યું છે કે તે ઓગષ્ટા ચોપર ડીલમાં ગાંધી પરિવારનું નામ આપે.માઈકલે ભારતમાં આવીને તપાસમાં મદદ કરવાની ઓફર પણ કરી છે.જો કે તેણે પોતાની ધરપકડ થાય તેવી શંકા પણ વ્યક્ત કરી છે.

જ્યારે કોગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ કહયુ હતું કે ચોપર ડીલ સંદર્ભે ભાજપ દ્વારા થઈ રહેલા કોઈ પણ ઘટસ્ફોટોને આવકારવા માટે તેઓ તૈયાર છે.અગાઉ સોનિયાએ કહ્યુ હતું કે ભાજપે રાહુલ ગાંધીના સાથીદાર કનિષ્કસિંહ અંગે કરેલા આક્ષેપો પાયાવિહોણા છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

સરકાર સામે પંગો લેનારા સામે સરકાર ના ગમે તેવા ખોટા નિર્ણયો લઈને પગલાં લે છે તે સ્પષ્ટ દેખાઈ રહ્યુ છે.ઉત્તરાખંડમાં રાષ્ટ્પતિ શાસન હટાવનાર નૈનીતાલ હાઈકોર્ટના ચીફ જસ્ટીસની ખંડપીઠે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનને ગેરકાયદે ગણાવીને રદબાતલ કર્યું.કેન્દ્રની ભાજપ સરકારે રાષ્ટ્રપતિ શાસન લાદવાના નિર્ણયને પડકારવાનો પ્રયત્ન કરનાર ચીફ જસ્ટીશને તાત્કાલિક ખસેડી દેવામાં આવ્યા.કેન્દ્રમાં ભાજપાની સરકારે સત્તા સંભાળ્યા બાદ રાજ્યોમાં જે તેમના પક્ષની સરકારો નહોતી ત્યાં તેમને યેનકેન પ્રકારે દુર કરવા પ્રયત્ન કર્યો.પરંતુ ઉત્તરાખંડમાં તેમની સામે હાઈકોર્ટે જે નિર્ણય લીધો તે તેમના માટે આકરો નિર્ણય હતો. તે તેઓ પચાવી શક્યા નહી.જો કે કાયદાની આંટીઘુટીઓમાં સમસ્ત પ્રક્રિયા હાલમાં ઘોંચમાં ચાલી રહી છે. જો કે સુપ્રીમ કોર્ટે તેમની નિગરાનીમાં શક્તિ પરિક્ષણ કરવાની  વાત કરી છે. પરંતુ હજુ સુધી કેન્દ્ર સરકાર પોતાની તરફેણમાં બહુમતી મેળવવવામાં સ્પષ્ટ બની નથી.

ખેર,કેટલાક ઝડપી અને ખોટા નિર્ણયોને કારણે સરકારની છબી ખરડાઈ રહી છે.જો કે ઉચ્ચ નેતાગીરીએ આ બાબતમાં ખાસ ધ્યાન રાખવું જોઈએ.સરકાર અનેક મુદ્દાઓ પર પાછી પડી છે. ખરેખર ઉત્તરાખંડમાં જે ઝડપથી રાષ્ટ્પતિ શાશન લાદવાનો નિર્ણય ક્યો તેના કરતાં છ મહિના સુધી ચુંટણીઓની રાહ જોવાની જરુર હતી.અને ત્યારબાદ સત્તા મેળવવા માટે વિજય હાંસલ કરવો જરુરી હતો.તો તે યોગ્ય ભુમિકા ગણાત.ટુંકા રસ્તાઓ અપનાવી અને ખોટા નિર્ણયોને કારણે ભાજપની છબીનો આંક ઝડપથી ઘટી રહ્યો છે. દેશમાં અનેક મુદ્દાઓ પર ધ્યાન આપવાની જરરુીયાત છે. મોંઘવારી માઝા મુકી રહી છે. પાણીની સમસ્યા ઘેરી બની છે. દેશના અનેક ભાગોમાં દુકાળની  પરિસ્થિતિ ઉભી થઈ છે. ત્યારે લોકોનુ ધ્યાન અન્યત્ર વાળી જરુરી મુદ્દાઓ પરથી છટકી જવાની શાહમૃગ વૃત્તિ એકદમ નકામી છે.


IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

Exploring the journey of the
HOLY LAND
WELCOME TO
ISRAEL,JORDAN,EGYPT & DUBAI

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૬ નું આયોજન કરેલ છે.**
**દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.**
Tour Date 18 May ‘16,Sept.16 November,2016
**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે. ટુરમાં જોડાવા માટે રૂ ૧૫૦૦૦/-ડિપોઝીટ પેટે મોકલવાના રહેશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા.
૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * *


# ઓગષ્ટા વેસ્ટલેન્ડ હેલીકોપ્ટર ડીલમાં સોનિયા ગાંધીની ભુમિકા પર સવાલ ઉભા કરાતાં સંસદમાં સંગ્રામ

યુપીએ સરકારના સમયમાં ઓગષ્ટા વેસ્ટ લેન્ડ હેલીકોપ્ટર ડીલમાં થયેલ ભ્રષ્ટાચાર બાબતે રાજ્યસભામાં નવા આવેલા સભ્ય સુબ્રમણ્ય સ્વામીએ કોગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના નામનો ઉલ્લેખ કરતાં રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો.ભાજપ અને કોગ્રેસ વચ્ચે આ મામલે સંસદમાં ભારે શાબ્દિક યુધ્ધ જામ્યુ હતું.ઓગષ્ટા હેલીકોપ્ટર ડીલ બાબતે સોનિયા ગાંધીની ભુમિકાના મામલે કોગ્રેસને ઘેરવાનો પ્રયાસ કરતાં રાજ્યસભામાં શાસક અને વિપક્ષ વચ્ચે ભારે ચકમક ઝરી હતી.સ્થિતિ વણસી જતાં માર્શલોનો ઉપયોગ કરવાની જરુર પડી હતી.રાજ્યસભામાં સ્વામીએ સોનિયા ગાંધીના નામનો ઉલ્લેખ કરતાં કોગ્રેસી સભ્યો ટ્રેઝરી બેન્ચ તરફ ધસી ગયા હતા અને સ્વામીને સીઆઈએના એજન્ટ ગણાવ્યા હતા.

કોગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આ બાબતે તેમના પક્ષના નેતાઓને લાંચ સાથે સાંકળી લેતા આક્ષેપોને પાયા વિહોણા ગણાવીને ફગાવી દીધા હતા.તેમણે કહ્યુ હતું કે  આ તેમની છબી ખરડવાનો પ્રયાસ છે.શાસક પક્ષ તેમને આ મુદ્દે ખોટી રીતે ઘેરવા માટેનો પ્રયાસ કરી રહ્યો છે.તેમણે કહ્યુ હતું કે સરકારે બે વર્ષમાં શું કર્યું છે? તેમણે આ મામલે ચાલી રહેલી તપાસને પક્ષપાત વગર પુર્ણ કરવાની માંગણી કરી હતી.સંસદ ભવનમાં પત્રકારો સાથે વાતચીતમાં તેમણે જણાવ્યુ હતું કે આ મામલામાં કોઈ આધાર નથી તેથી મને તેનો કોઈ ડર નથી.તેઓ જુઠઠુ બોલી રહ્યા છે.આ લોકો કોઈની છબી ખરડવામાં રાચતા હોય છે.અમે તે જાણીએ છીએ.મારા સામેના આક્ષેપો તેનો એક ભાગ છે.

કોગ્રેસના વરિષ્ઠ નેતા અહેમદ પટેલે હેલીકોપ્ટર ડીલ મામલામાં સંડોવણીનો ભાજપનો આક્ષેપ નકારી કાઢ્યો હતો.અને કહ્યું છે કે મે કંઈ પણ ખોટુ કર્યુ હોય તેવું જાણવા મળે તો મને ફાંસી પર લટકાવી દો. આ આક્ષેપ પાયાવિહોણા છે.તેઓ ક્યા આધારે મારુ નામ લઈ રહ્યા છે.આ બાબતે તપાસ કરવી જોઈએ.

ઓગષ્ટા વેસ્ટલેન્ડ કંપનીને બ્લેક લિસ્ટ કરી હતી તેવા દાવાને સરકારે ફગાવી દીધો હતો.સરકારે કહ્યુ હતું કે યુપીએ સરકારે આ કંપનીને બ્લેક લિસ્ટ કરી હોય તો તેના પુરાવા આપવા જોઈએ.કોગ્રેસે એવો આક્ષેપ કર્યો હતો કે તેની સરકારે આ કંપનીને બ્લેક લિસ્ટ કરી હતી પરંતુ એનડીએની સરકારે તેને પાછી લઈ લીધી હતી.

૨૦૧૦માં વીવીઆઈપી ઓગસ્ટા વેસ્ટ લેન્ડ હેપીકોપ્ટર ડીલમાં ભ્રષ્ટાચાર થયો હોત તેમ માનવાને પુરતાં કારણો છે તેમ ઈટાલીની કોર્ટે જાહેર કર્યુ હતું.ઈટાલીની કોર્ટે કહ્યુ હતું કે આ સોદામાં ગેરકાયદે ભંડોળના એકથી દોઢ કરોડ ડોલરનો આંશિક હિસ્સો ભારતીય અધિકારીઓ પાસે પહોચી ગયો હતો.કોર્ટે પોતાના ચુકાદામાં ભારતના પાંચ નેતાઓના નામનો



પણ ઉલ્લેખ કર્યો હતો.

મીડીયા રીપોર્ટ પ્રમાણે ઈટાલિયન કોર્ટે કંપનીએ કોગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને તેમના નજીકના વર્તુળો સાથે કેવી રીતે લોબીઈંગ કર્યુ હતું તે પણ પોતાના ચુકાદામાં કહ્યું છે.તે ઉપરાંત તત્કાલીક વડાપ્રધાન મનમોહનસિંહના નામનો પણ તેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

આ સોદામાં માઈકલ ક્રિશ્ચિયન જે બ્રીટીશ વેપારી છે તેનું નામ સૌથી મોખરે છે.તેને આ સોદામાં ૩૩૦ કરોડની કટકી મળી છે તેવો આક્ષેપ કરવામાં આવ્યો છે.આ ચુકાદામાં માઈકલનું નામ સૌથી આગળ છે. પરંતુ તેની પુછપરછ ઈટાલીનો કોર્ટ તરફથી થઈ નથી.


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
*નીલા સી.ગામડીયા*
‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

પ૬મો ગુજરાત ગૌરવ દિવસ

## જન જન સુધી પહોચ્યો વિકાસ..
## પથરાયો પ્રગતિનો પ્રકાશ..
## લાગણીઓ છે કોમ આપણી, માણસાઇ છે ધર્મ
## પ્રત્યેક દિવસ 'ગુજરાત દિવસ' છે એ જ આપણો ધર્મ

# પ૬મો ગુજરાત ગૌરવ દિવસ
# ગતિશીલ ગુજરાત
# પ્રગતિનું અરુણું પ્રભાત

# ગુજરાતના સ્થાપના દિવસે ગુજરાતના
# સહુ પ્રેરણામુર્તિઓને વંદન..
# પ્રતિભાઓની આ પુર્ણભુમિને શત્ શત્ વંદન...

શ્રીમતી આનંદીબહેન પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત

# પ૬મા સ્થાપનાદિને ગરવી ગુર્જરધરાને શત્ શત્ વંદન

# ગુજરાત આપણું ગૌરવ,જય જય ગરવી ગુજરાત

## ભાષાને સંસ્કૃતિ સાથે જોડવાની જરુર નથી.

ભાષા વિચારોનું માધ્યમ છે.પણ એ ભાષાના માધ્યમનો ફેકાફેક ઉપયોગ કરવા માટે રાજકારણીઓ પાવરધા હોય છે.રાજકારણીઓ ગમે તેટલા સમય માટે ભાષણ આપીને ભાષા પર અને શ્રોતાઓ પર અત્યાચાર કરી શકે છે.તેમના પર કોઈ કાયદેસરની કાર્યવાહી થઈ શકતી નથી.વિશ્વના એક અબજ લોકો ચીનની મેન્ડરીન ભાષા બોલે છે.ત્યાર પછીના ફાળે અંગ્રેજી ૭૬ કરોડ, સ્પેનીસ ૪૬ કરોડ,ફ્રેન્ચ ૨૨ કરોડ લોકો બોલે છે. હિન્દીનું સ્થાન એન્ડરીન અને અંગ્રેજીની વચ્ચે છે. આ સ્થિતિ હોય ત્યારે અંગ્રેજીને કારણે દેશની સંસ્કૃતિને ભારે નુકશાન થઈ રહ્યું છે એવી વાત કેટલે અંશે વ્યાજબી ગણાય તેવો પ્રશ્ન એક સામાન્ય માણસને થાય જ.

ફ્રાન્સ ફ્રેન્ચ ભાષાની બાબતમાં અત્યંત પ્રણાલીગત,રુઢિચુસ્ત અને એકતરફી વળગણ લાગે તેવું વલણ ધરાવવા જાણીતું છે.જાપાન પણ જાપાની ભાષા માટે એવુંજ વલણ ધરાવે છે. પરિણામે એ દેશોમાં અગ્રેજીના વધતા જતા પ્રભાવથી આપણા રાજકારણીઓની જેમ ત્યાં પણ ઉહાપોહ શરુ થયો છે.ફ્રાન્સમાં ફ્રેન્ચ બચાવો ઝુંબેશ શરુ થઈ છે.હજુ આ ભાષા બચાવો વાયરસ ભારતમાં પ્રસર્યો નથી એ શુભ નિશાની છે.જો કે આ વાઈરસ ભગવો,લીલો,કે સફેદ રંગ ધારણ કરે ત્યારે સામાન્ય માણસ માટે ચિંતાનું કારણ બને છે.હમણાં હમણાં ગુજરાતી ભાષાને બચાવવા કેટલાક ભાષા ભડવીરોએ રસ્તા પર ઉતરી આવી સરઘસો કાઢવાની પ્રવૃત્તિ શરુ કરી છે.તે રમુજ ઉપજાવે તેવી છે.

ગાંધીજી માતૃભાષામાં શિક્ષણના આગ્રહી હતા. પણ અંગ્રેજી ભાષા ક્યા ધોરણથી શીખવવી તેનો વિવાદ ગુજરાતમાં જોરશોરથી ચાલેલા તે ભાષાવિદોને યાદ હશે.ઉત્તર પ્રદેશમાં મુલાયમસિંહે અંગ્રેજીનો વિરોધ કરેલો( જો કે તેમનો પુત્ર અખિલેશે પરદેશની યુની. માં અંગ્રેજી ભાષામાં જ ડીગ્રી હાસલ કરેલી છે.હવે ભગવા ભાષા પ્રેમીઓને ન ગમે તો પણ કેટલાંક રાજ્યોએ તો અંગ્રેજીને પહેલા ધોરણથી દાખલ કરી ભારતીય સંસ્કૃતિના ચાહકોને આઘાતમાં સરકાવી દીધા છે. આ આઘાત સહન કરવાની તેમને શક્તિ પ્રાપ્ત થાય એવી સામાન્ય માણસના અંતરની ઈચ્છા પ્રગટ કરે છે.

ભાજપના એક અગ્રણી રાજનાથસિહે અંગ્રેજી ભાષા ઉપર જે તીર છોડ્યા હતા તેના કારણે ભાષા અંગેનો વિવાદ ઉભો થયો. પરંતુ તેમના બાળકો અંગ્રજી માધ્યમમાં ભણે છે તેઓ અમેરિકામાં જઈને અંગ્રેજીમાં ભાષણ કરી ત્યાના એનઆરઆઈને રાજી કરવા મથે છે.તેથી તેમનો ભાષાથી સંસ્કૃતિને નુકશાન થયું છે તે વાતમાં બધા કદાચ સંમત ના હોય, કદાચ તેમના અંગત માણસો હામાં હા પુરાવે. જો કે ભાષાના મામલે જેઓ વધુ બોલે છે તેઓ સરવાળે તેનો અમલ કેટલો પ્રમાણમા કરે છે તે જ્યારે લોકો જાણે ત્યારે તેમના પ્રતિનો આદર ઘટી જાય છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


## ૩૩ બિનકાર્યક્ષમ અધિકારીઓને ફરજીયાત નિવૃત્તિ લેવાનો આદેશ

કેન્દ્ર સરકારે મહેસુલ વિભાગના ૩૩ જેટલા વરિષ્ઠ અધિકારીઓને તેમની બિનકાર્યક્ષમતાને કારણે ફરજીયાત નિવૃત્તિ લેવા ફરમાવ્યુ છે.કેન્દ્રના કર્મચારીઓને ગુડ ગર્વન્સની સાથોસાથ બિનકાર્યક્ષમતાને સાંખી નહી લેવાય એ મુજબનો સંદેશો આપતાં પહેલીજ વાર આટલી મોટી સંખ્યામાં અધિકારીઓ સામે પગલાં લેવામાં આવ્યા છે.વેબસાઈટ પર વરિષ્ઠ અધિકારીને એમ કહેતાં ટાંકવામાં આવ્યા હતા કે નબળી કામગીરીની નોકરી પર કોઈ અસર થવાની નથી. એ પ્રમાણેની માન્યતાનો છેદ ઉડાવવા આ પગલાં લેવામાં આવ્યા છે. વડાપ્રધાન મોદીએ વિવિધ વિભાગો તરફથી લોકોને પજવતાં કે ભેદભાવની નીતિ અખત્યાર કરી રહેલા અધિકારીઓ અંગે ફરિયાદો મળતી રહી છે.વડાપ્રધાન મોદીએ જાન્યુઆરી મહીનામાં તમામ વિભાગના સચિવોને બિનઅસરકારક રીતે કામ કરી રહેલા અધિકારીઓ સામે કડક પગલાં લેવા જણાવ્યુ હતુ.કેન્દ્ર સરકારે તે પછી વિવિધ મંત્રાલય અને વિભાગોના ૧૨૨ જેટલા નાયબ સચિવોની એક યાદી તૈયાર કરી હતી.કર્મચારી અને તાલિમ વિભાગે ત્યારબાદ ૩૪ જેટલા વિભાગોના વહીવટી અધીકારીઓને તે અધિકારીઓના રેકર્ડને ચકાસવા સુચના આપી હતી.

## વિશ્વની ટોપ ૧૦૦ યુનીવરસીટીઓમાં ભારતની એક પણ યુનીવરસીટી નથી.હાવર્ડ વિશ્વની શ્રેષ્ઠ યુની.જાહેર

વિશ્વની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાનોમાં ટોચની ૧૦૦ યુનીવરસીટીમાં સ્થાન મેળવવામાં ભારતની એક પણ યુનીવરસીટીનો નંબર લાગ્યો નથી. ધ ટાઈમ્સ હાયર એજ્યુકેશન ૨૦૧૬ની યાદી બહાર પડાઈ હતી. જેમા હાવર્ડ યુની.એ સતત ત્રીજા વર્ષે પ્રથમ સ્થાન જાળવી રાખ્યુ હતું.તેણે અમેરિકાની મેસાચ્યુસેટસ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી અને સ્ટેનફોર્ડ યુની.ને પાછળ રાખી હતી. મેસાચ્યુસેટ્સ ગયા વર્ષે પાંચમાં સ્થાને હતી. આ દરમિયાન બ્રિટનની પ્રતિષ્ઠિત ઓકસફર્ડ અને કેબ્રિજ યુની. પોતાનું સ્થાન ટકાવી શકી ન હતી.અને કેબ્રિજ ચોથા તથા ઓક્સફર્ડ પાંચમા સ્થાને સરકી ગઈ હતી.

ધ રેન્કીંગ્સના એડિટર ફિલ બેટીએ જણાવ્યુ હતું કે સંસાધનો બાબતે સંઘર્ષને કારણે ભારતીય યુવાઓના સંસ્થાનોની રેન્કીંગના પરિણામોને પર અસર થઈ છે. તથા ભારતમાં અન્ય દેશોની સરખામણીએ સંશોધન પાછળ ખર્ચ કરવાની બાબતે પણ નબળ પુરવાર થયો છે. સરકારો હંમેશા યુની.માં સુધારાની વાત કરે છ તેને અમલમાં લાવવાની પહેલ થતી નથી.જેને કારણે ઉચ્ચ શિક્ષણની પ્રતિષ્ઠા પર ઘેરી અસર થતી જાય છે.આ સરવે ૧૩૩થી વધુ દેશોમાં ૧૦,૦૦૦ કરતાં વધારે પ્રોફેસરો પર હાથ ધરાયો હતો.

## નેપાળમાં ઓલી સરકાર પર સંકટના વાદળો ઘેરાયા

નેપાળમાં વડાપ્રધાન ખડગપ્રસાદ શર્મા ઓલીના નેતૃત્વ હેઠળની સાત મહિના જુની સરકારપર સંકટ તોળાઈ રહ્યુ છે.ઓલીને વડાપ્રધાન પદ છોડવા નોટીસ મળી છે.પુષ્પકમલ દહલ પ્રંચડનો માઓવાદી પક્ષ આ મોરચામાં બીજા ક્રમનો સૌથી મોટો પક્ષ બની રહ્યો છે.પ્રચંડે ઓલી સાથે મુલાકાત કરી તેમને પોતાના નેતૃત્વની સરકારમાં સામેલ થવાનું આમંત્રણ આપ્યુ છે.

ભારત સાથે નેપાળ સરકારે જે રીતે સબંધો બગાડ્યા હતા તેના કારણે હવે તેમને સત્તામાં વિમુખ થવું પડશે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


## સુબ્રમણ્ય સ્વામી પાસે સંવેદનશીલ ફાઇલો કેવી રીતે પહોચી : કોગ્રેસ

ઓગષ્ટાડીલ મામલે કોગ્રેસના નેતાઓએ રાજ્યસભામાં સુબ્રમણ્યસ્વામીને સવાલ કર્યો હતો કે સીબીઆઈ અને ઈડીની સંવેદનશીલ ફાઈલોની ગુપ્ત માહીતિ તેમણે કેવી રીતે મેળવી હતી.કોગ્રેસના આનંદ શર્માએ આ મુદ્દો ઉઠાવ્યો હતો.જો કે સ્વામીએ આ દસ્તાવેજોને પ્રમાણિત કરવા માટે ગૃહમાં મુકવાનો ઈન્કાર કર્યો હતો.જો કે જો તેમ નહી કરવામાં આવે તો તેમની સામે નિયમ મુજબ કાર્યવાહી કરાશે તેવું ગૃહપતિ કુરીયને કહયુ હતું.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.